# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-05-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. **કેન્દ્રીય** ગૃહમંત્રી **અમિત શાહે ગાંધીનગરમાં** આતંકવાદને નાબૂદ કરવા માટેની ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી
2. ગુજરાત પોલીસે છેલ્લા 15 દિવસમાં મહત્વના 12 સાયબર કેસ ઉકેલ્યા
3. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ખેતરમાં બોર કરીને પાણી જમીનમાં ઉતારવા ખેડૂતોને અનુરોધ કર્યો.
4. રાજયના અનેક જિલ્લાઓમાં આજે તિરંગા યાત્રા યોજાઇ-મુખ્યમંત્રી અમદાવાદમાં તિરંગા બાઇક રેલીમાં જોડાયા
5. રાજ્યમાં આગામી 7 દિવસ દરમિયાન કમોસમી વરસાદની આગાહી

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH GUJ VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરમાં 708 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ વિકાસકામોમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાવોલ, 'ચ' રોડ પર નવનિર્મિત સેક્ટર 21 અને 22ને જોડતા અંડરબ્રિજનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે, જાહેર સભાને સંબોધન કરતા ગૃહ મંત્રી અમિત શાહે આતંકવાદને નાબૂદ કરવા માટેની ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી અને જણાવ્યું કે, આતંકવાદ સામે મોદી સરકારે અપનાવેલા કડક વલણની દુનિયાભરમાં પ્રશંસા થઈ રહી છે. તેમણે કહ્યું કે, ભારતની સામે કરેલા કોઈપણ આતંકી પ્રવૃત્તિનો જવાબ કડક કાર્યવાહીથી આપવામાં આવશે. ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાએ બતાવેલી બહાદુરીની પણ તેમને પ્રશંસા કરી હતી.

# GUJARAT POLICE CYBER CRIME

ગુજરાત પોલીસે સાયબર ક્રાઇમ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા છેલ્લા ગત 15 દિવસમાં મહત્વના 12 સાયબર કેસ ઉકેલ્યા છે. રાજ્યના ચાર મહાનગરો – અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાની સાયબર ક્રાઇમ ટીમો તથા સ્ટેટ સાયબર ક્રાઇમ સેલે ચાઇનીઝ સાયબર ક્રાઇમ ગેંગના સાગરીતો અને ડિજિટલ એરેસ્ટ જેવા ગુનાઓ આચરનારા શખ્સોને ઝડપી પાડ્યા છે. આ સફળતા બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસની તમામ ટીમો અને તેમને માર્ગદર્શન આપનાર અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# C R PATIL SURAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ખેતરમાં બોર કરીને પાણી જમીનમાં ઉતારવા ખેડૂતોને અનુરોધ કર્યો. સુરતમાં યોજાયેલા રેઇન વોટર હાર્વેસ્ટિંગ કાર્યક્રમમાં શ્રી પાટીલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું હયું કે આગામી દિવસોમાં જળ સચંય અભિયાન દ્વારા બનાસકાંઠા જિલ્લામાં પાણીની અછત દુર થાય તે માટે પ્રયત્ન કરી રહ્યા છીએ.

**(બાઇટ: સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી)**

શ્રી પાટીલે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બે વર્ષ 2021માં "કેચ ધ રેઇન" વોટર હાર્વેસ્ટિંગનો સંકલ્પ આપણને સૌને આપ્યો હતો. ત્યારે કર્મ ભૂમિથી માતૃભુમિ માટે દરેક વ્યક્તિએ યોગદાન આપવું જોઇએ.

# MANSUKH MANDAVIYA VISIT

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ રાજકોટના જેતપુરના મેવાસા ખાતે વિવિધ વિકાસકાર્યોનું ઇ-લોકાર્પણ અને આંગણવાડી કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું. આ ઉપરાંત તેમણે ‘સેવાસેતુ’ કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ સાથે દિવ્યાંગ સંસાધન સહાયનું પણ વિતરણ કર્યું હતું. શ્રી માંડવિયા  જુનાગઢ ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠકમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ કેશોદ ખાતે યોજાનારી ‘ત્રિરંગા યાત્રા’માં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બાલાગામ ખાતે યોજાનારા ‘સેવાસેતુ’ કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કરશે.

શ્રી માંડવિયા આવતીકાલે સવારે રાજકોટના ઉપલેટા ખાતે, તેમના ‘શ્રી ગોરસ’ સાંસદ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ અને નાગરિકો સાથે મુલાકાત કરી તેમના પ્રશ્નો સાંભળશે.

# TIRANGA YATRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં લપકામણ ગામથી અદાણી શાંતિગ્રામ સુધીની તિરંગા બાઇક રેલીમાં જોડાયા હતા. શ્રી પટેલે આ રેલીમાં સહભાગી થઈને યુવાનો અને ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો.

દરમિયાન, અમરેલી શહેરમાં યોજાયેલી તિરંગા યાત્રામાં વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિક વેકરીયા, ધારાસભ્ય હીરા સોલંકી, જે.વી. કાકડિયા, મહેશ કસવાળા, જનક તળાવિયા અને સાંસદ ભરત સુતરીયા જોડાયા હતા.

કચ્છના લખપત તાલુકાના દયાપર ખાતે યોજાયેલી તિરંગા રેલીમાં દેશભક્તિના સૂત્રોચ્ચાર અને ગીતો ગુંજ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GANDHINAGAR BLACK FUNGUS

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા 15 દિવસમાં બ્લેક ફંગસના બે નવા કેસ નોંધાયા છે. પ્રથમ કેસમાં કડી વિસ્તારના 60 વર્ષીય વૃદ્ધમાં બ્લેક ફંગસના લક્ષણો જોવા મળ્યા છે જ્યારે બીજા કેસમાં 55 વર્ષીય વ્યક્તિને સાઈનસથી શરૂ થયેલું ફંગસ આંખ સુધી પહોંચ્યું હતું. આ અંગે ENT વિભાગના વડા યોગેશ ગજ્જરે વધુ માહિતી આપી.

**(બાઈટ: યોગેશ ગજ્જર, ENT હેડ સિવિલ હોસ્પિટલ)**

# WORLD HYPERTENSION DAY

આજે વિશ્વ હાયપર ટેન્શન દિવસ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ 2025 ના વિશ્વ હાયપર ટેન્શન દિવસની ઉજવણીની થીમ "Measure Your Blood Pressure Accurately, Control It, Live Longer" છે. જેનો અર્થ થાય છે કે "તમારા બ્લડ પ્રેશરને સચોટ રીતે માપો, તેને નિયંત્રત કરો, લાંબા સમય સુધી જીવો. આ દિવસની ઉજવણી નિમિત્તે આજે મહીસાગર જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો ખાતે જનજાગૃતિ અને આરોગ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરાયું. અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉક્ટર સી આર પટેલિયાએ નાગરિકોને આરોગ્યની નિયમિત ચકાસણી કરાવવા અપીલ કરી હતી.

**(બાઇટ: ડૉ.સી.આર. પટેલીયા- અધિક જિલ્લા આરોગ્ય અધિકારી)**

દરમિયાન, છોટાઉદેપુર સિવિલ હોસ્પીટલ તંત્ર દ્વારા જનજાગૃતિ રેલીનું આયોજન કરાયું.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવના ગ્રામીણ અને શહેરી સમુદાયોમાં ગ્રામ આરોગ્ય, પોષણ અને સ્વચ્છતા સમિતિ, જન આરોગ્ય સમિતિ, શાળાઓ, આંગણવાડીઓમાં, આહાર, કસરત અને તણાવ વ્યવસ્થાપન અંગે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું.

# Sujalam Sufalam Water Campaign- Shankarbhai Chaudhary

વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ આજે બનાસકાંઠાના ડીસા તાલુકાના નાગફણા ગામેથી "સુજલામ સુફલામ્ જળ અભિયાન ૨૦૨૫"નો પ્રારંભ કરાવ્યો. આ સાથે નાગફણા સ્થિત તળાવને ઊંડું કરવાની કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરાયું હતું.

આ તકે, શ્રી શંકર ચૌધરીએ જણાવ્યું કે, આવનાર પેઢી માટે પાણી અને પ્રકૃતિને બચાવવાનું કાર્ય કરવું તેમજ પ્રકૃતિનું રક્ષણ કરવું એ આપણા સૌની નૈતિક ફરજ છે.

(BYTE : SHANKAR SINGH CHAUDHARY)

# JUNAGADH CRIME CONFERENCE

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જુનાગઢ સર્કિટ હાઉસ ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજી હતી. આ પ્રસંગે શ્રી સહાયે ત્રણ વાત અમારી અને ત્રણ વાત તમારી એ માધ્યમથી પ્રજા સાથે મિત્ર બનવા પોલીસ અધિકારીઓને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે રાજ્યમાં સાયબર ક્રાઈમથી કોસ્ટલ ક્રાઈમ થવાની સંભાવના છે ત્યારે લોકો સાયબર ક્રાઇમનો ભોગ ન બને તે માટે પોલીસે આયોજન કરવું જોઈએ અને પ્રજાને સતર્ક રાખવી જોઈએ. આ સાથે વ્યાજખોરી અને લેન્ડ ગ્રેબિંગ જેવા ગુનાઓને ડામીને લગભગ 100 કલાકમાં તેનું પરિણામ આપવા માટે પણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તબક્કે જુનાગઢ રેજના નવ પોલીસ કર્મીઓનું સન્માન કરાયું હતું. આ કોન્ફરન્સમાં વિવિધ જિલ્લાના રેન્જ આઇ.જી., પોલીસવડા તેમજ પોલીસ કમિશનર ઉપસ્થિત રહ્યા હતા.

# WEATHER

રાજ્યમાં આગામી 7 દિવસ કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 7 દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. આગામી 7 દિવસોમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા છે. છે. આવતીકાલથી 22 મે સુધી સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. દક્ષિણ ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓ જેમ કે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં જ્યારે સૌરાષ્ટ્રના જિલ્લાઓ જેમ કે રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે.

# MORBI DEMI-2 DEM

મોરબીના ટંકારા તાલુકામાં આવેલા ડેમી-2 ડેમમાંથી સિંચાઈ માટેનું પાણી છોડાયું છે. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે ડેમનો એક દરવાજો એક ફૂટ સુધી ખોલાયો છે. નદીના પટમાં આવેલા ચેક ડેમમાં પાણી ભરવા માટે થઈને 37 મિલિયન ઘન ફૂટ પાણી નદીમાં છોડાતાં ટંકારા અને મોરબી તાલુકાના સાત ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

# DIV FLIGHT

ઉડાન યોજના હેઠળ ગોવા થી દીવ અને અમદાવાદથી દીવ ફ્લાઇટનો પ્રારંભ થયો છે. અંદાજે એક હજાર 499 રૂપિયાની ટિકિટથી આ ફ્લાઇટ શરૂ કરાઇ છે. આ ફ્લાઇટમાં 56 સીટ ઉપલબ્ધ છે. જમીન માર્ગે દીવથી ગોવાની મુસાફરી બે દિવસની હતી પરંતુ આ ફ્લાઇટથી માત્ર દોઢ કલાકમાં ગોવા પહોચાશે. જેથી દીવના સ્થાનિક તથા પર્યટકો લાભ થશે.